# શીલ શ્રુતમ્

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર

વર્ષ : ૧૯ અંક : ૪ ૧૫-૨-૨૦૦૯ સળંગ અંક : ૨૧૩

સંપાદકો

પરમ પાઠક + મદન મોહન શર્મા + નિરંજન પટેલ + સોનલદે દેસાઈ + ઉજ્જવલ ત્રિવેદી + મનીષ સોલંકી


## સંપાદકીય

### જય હો ભાગ્ય વિધાતા

વિશ્વવિદ્યાલયના ઈતિહાસમાં પણ આવી પળો આવતી હોય છે. આવી પળોએ બધું તળે ઉપર થવા માંડે છે. એક દબાણ-જબરજસ્ત દબાણ સતત અનુભવાતું હોય છે. આ દબાણમાંથી કોઈ છટકી શકતું નથી. આ દબાણ ટાળ્યું ટળતું નથી. સૌ કોઈએ એનાથી સળવળવું પડે છે. યુગોની ચિરશાંત નિદ્રામાં પોઢેલાઓ પણ એનાથી બચી શકતા નથી. દૃષ્ટવંતો, સદા જાગ્રત મનુષ્યો પણ એમાં અપવાદ નથી.

આ દબાણ અનુભવાય છે એક સંઘર્ષને પરિણામે આ સંઘર્ષ બે પરસ્પર વિરોધી દૃષ્ટિઓ વચ્ચેનો હોય છે. એક દૃષ્ટિ છે જૂનું છે તે જ ઉત્તમ. એમાં કશો મીનમેખ ફેર ફરવાની જરૂરી નથી. આવા દૃષ્ટિધારકોનું ચાલે તો જે છે એને પણ હજુ ભૂતકાળમાં તાણી જાય. બીજી દૃષ્ટિ અસંતુષ્ટ મનુષ્યોની હોય છે. એ મનુષ્યો નવું નવું સ્વીકારવા, સતત બદલાતા રહેવા, નવા પડકારોને ઝીલી લઈ સફળ થવા સદા તત્પર હોય છે. આ બે અંતિમોની સાથે સંતુલનની એક ત્રીજી દૃષ્ટિ પણ હોય છે. જૂનું છે તેથી જ તે નકામું એવી ગેરસમજ અહીં સંભવતી નથી. જે વધારે સારું છે એને ચરિતાર્થ કરવા આ દૃષ્ટિ ધરાવતા મનુષ્યો પ્રયત્નશીલ હોય છે. આ તમામ મથામણો વિશ્વવિદ્યાલયમાં એક સાથે અનુભવાતી હોય છે.

મૂળે આ મથામણ, આ સંઘર્ષ જન્મે છે મનોમય ભૂમિકામાં. એમાં વિચારોનું તુમુલ યુદ્ધ ચાલતું હોય છે. આ સંઘર્ષ પ્રાણમય ભૂમિકાએ સંકલ્પોનું રૂપ લે છે. આટલું તો કરવું જ છે. આના વગર તો ન જ ચાલે. આમ તો ન જ થાય. સંકલ્પની-પ્રાણમય ભૂમિકાથી આ સંઘર્ષ સ્થૂળ શારીરિક ભૂમિકા સુધી વિસ્તરે છે. એમાં એ કાર્યોમાં પરિણમે છે. ગઈકાલ સુધી જેના તરફ આપણે જોવાની પણ દરકાર નહોતા કરતા તે હવે એક નવું રૂપ ધારણ કરે છે. એના રૂપ, રંગ અરે કામ કરવાની ઢબ, છબ બધું જ બદલાઈ જાય છે.

દૃષ્ટિવંત માણસોને અગાઉથી જ આ સઘળી ગતિવિધિની ખબર પડી જતી હોય છે. રૂપાંતરણની આ ગૂઢ પ્રક્રિયાના તેઓ કરણ બનતા હોય છે. એક મહત્તર ચેતના એમને વશમાં લે છે. વીજને ઝબકારે આ મહામનાઓ મોતી પરોવી લેતા હોય છે. એમના બત્રીસે કોઠે દીવા થવા માંડે છે. એમનો અંતરાત્મા જાગી ઊઠે છે. ને તેઓ પોતાના જ નહી, સમગ્ર પરિસરના, વિશ્વ વિદ્યાલયના અતલગર્તો સાથે અનુસંધાન સાધે છે. એક બૃહત્તર ચેતના પોતાના સ્વર્ણિમ દ્વાર ઉઘાડે છે. ને એમાંથી નવી ચેતના, નવો પ્રકાશનું રસપૂર ધસી આવે છે. ને સઘળું બદલાઈ જાય છે.

ડાહ્યા માણસો મીટીંગોમાં, ચર્ચા વિચારણાઓમાં, કાર્યશાળાઓમાં, પરિસંવાદોમાં કે સીમ્પોસીયમમાં મચ્યા રહે છે. જડસુ માણસો હજુ ઉંઘમાંથી સરખા બહાર નથી આવ્યા હોતા એવા સમયે જ રૂપાંતરણનો પ્રકાશ ચોર પગલે પ્રવેશે છે. સઘળા વિસંવાદો, વિપરીત પરિસ્થિતિઓ વચ્ચે બાળપ્રભુ ઉછરી, વિકસી રહ્યો હોય છે. ને આ રીતે અજ્ઞેયના એક મુહૂર્તે વિશ્વ વિદ્યાલયમાં બધું અણધારી રીતે બદલાઈ જતું હોય છે. મર્ત્યતાની આપણી આ લઘુક ભોમકા એનંતનું ક્રિડાક્ષેત્ર બની જતી હોય છે.

વિશ્વ વિદ્યાલયના ઈતિહાસમાં આવી પળો અચૂક આવતી હોય છે. અત્યારે આપણે એવી જ પળોમાં શ્વસી રહ્યા છીએ. આ પળ આપણા સૌના બારણે ટકોરા દે છે. આપણે એને નજર અંદાજ નથી કરી શકતા. આપણે એના મિજાજને પારખવો ચૂકી ગયા તો એનું બહુ મોટું પરિણામ ચૂકવવું પડે છે. જે રીતે જીવવા આપણે ટેવાયેલા છીએ એને જ પકડીને જો આપણે બેસી રહીએ છીએ તો રૂપાંતરણની આ પ્રક્રિયામાંથી આપણે ફેંકાઈ જઈએ છીએ. આજે તો આપણે એ સ્થિતિમાં આવી ચૂક્યા છીએ કે જૂની મૂડી પર ટકી રહેવું હવે શક્ય નથી. જ્યાં છીએ ત્યાં ટકી રહેવા માટે પણ દોડવું પડે એમ છે. નહીં તો આપણે જ અપ્રસ્તુત થઈ જઈશું.

આપણા અસ્તિત્વનો એક ભાગ બદલાય, બીજો ભાગ જૂના સાથેનું અનુસંધાન જારી રાખે એ પણ હવે શક્ય નથી. આપણા અસ્તિત્વના તમામ ભાગોએ નવી ચેતનાને, નવા પ્રકાશને અનુકૂળ થવાનું છે. ને સંઘર્ષે મચ્યા આ વિશ્વ વિદ્યાલયની સમગ્રતામાં આપણે આપણી સભાન ભૂમિકા ભજવી જવાની છે. એક માણસની પૂર્ણતા પણ આ સમગ્રને ઉપકારક નીવડે છે. અને આ તો એક શરૂઆત છે. અંત નથી

આ નવી નવો પ્રકાશ નવી શરૂઆત ચેના 'નાક'ના રી-એક્રિડિટેશનના નિમિત્તે આવી રહી હોય તો પણ ભલે, યુનિવર્સિટીના દૃષ્ટિવંત પુરાવાઓ ગમે તે રીતે કાર્યન્વિત થયા હોય, પરંતુ આ સઘળું સમગ્ર યોજનાનો જ એક ભાગ છે. ત્યારે આપણએ હૃદયપૂર્વક ગાઈશું : જય હો શિક્ષણ ભાગ્ય વિધાતા...

**- પરમ પાઠક**

## Teaching - Learning

➤ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ, આણંદ સંચાલિત **સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ**માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમીશન, પુના દ્વારા અનુદાનિત એક દિવસીય પરિસંવાદ 'Managing Business Communication in the Knowledge Era' વિષય પર તા. ૪ ફેબ્રુઆરી ૨૦૦૯ના રોજ યોજાઈ ગયો.

આ સેમિનારમાં અંગ્રેજી વિષયના રાજ્યભરના વિદ્વાનો એકત્ર થયા હતા.મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરાના યુ.જી.સી. એમેરિટ્સ પ્રો. ડૉ. ઓ.પી. જુનેજા મુખ્ય વક્તા હતા, જ્યારે અન્ય મહાનુભાવોમાં એચ.એમ. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈંગ્લીશના ડાયરેકટરશ્રી ડૉ. રાજેન્દ્રસીંગ જાડેજા અને સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરના અંગ્રેજી વિભાગના પ્રો. ડૉ. જાવેદ ખાને હાજર રહી વિષય પર તેમના વિચારો પ્રગટ કર્યા હતાં. આ સેમિનારનું અધ્યક્ષ સ્થાન ભીખુભાઈ પટેલ, સેક્રેટરીશ્રી, સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટએ શોભાવ્યું હતું. આ સેમિનારમાં રાજ્યભરમાંથી સારી સંખ્યામાં ડેલીગેટ્સ હાજર રહ્યા હતા.

➤ Government of India has established Extension Education Institute where workshop on, "Behavioural Skills and Motivational Techniques" was organised by Agriculture University, Anand. Dr. S.G. Patel from **B.J.V.M., S.P.U.** was invited as a Resource Person to deliver three Talks. Subjects were (1) Principles and Practices of Relationship Management (2) Negotiation Skills & (3) Concept of Stress Management. Dr. Surendra G. Patel has delivered18 National level Talks.

➤ ૨૦૦૭-૨૦૦૮ના વર્ષ માટેનું **'સ્વ. એમ. એસ. જોષી પારિતોષિક'** આ યુનિવર્સિટીની એપ્રિલ/મે - ૨૦૦૮માં લેવાયેલી **એમ.એસસી. ની પરીક્ષામાં ભૌતિકશાસ્ત્ર વિષયમાં** થિયરીના બાહ્ય પરીક્ષણમાં સર્વાધિક ગુણ (૨૦૩/૨૮૦) મેળવનાર **અનુસ્નાતક ભૌતિકશાસ્ત્ર વિભાગ**, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરના વિદ્યાર્થી **વિકાસભાઈ જગુભાઈ દેસાઈ**ને એનાયત કરવામાં આવે છે.

યુ.જી.સી. એ આપણી યુનિવર્સિટીને **જનરલ પ્લાન ડેવલપમેન્ટ સ્કીમ ડ્યુરીંગ ઈલેવન્થ પ્લાન અંતર્ગત રૂા. ૬૬૩ લાખનું અનુદાન** મંજૂર કર્યું છે. આનાથી આપણી પ્રગતિને વેગ મળશે એવી શ્રદ્ધા છે.

## Extension

➤ સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા કાર્યાન્વિત **ડૉ. બાબા સાહેબ આંબેડકર અધ્યયન એકમ પ્રકલ્પ**ના ઉપક્રમે ડૉ. બાબા સાહેબ આંબેડકર નિર્વાણ દિનની ઉજવણી કરવામાં આવી હતી. આણંદ લોટીયા ભાગોળે આવેલી ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને સવારે ૮ કલાકે યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. બી. જી. પટેલ અને ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી. એલ. પટેલ તથા ચેર પર્સન ડૉ. હિતેશ એન. પટેલે ઉપસ્થિત રહેલા વિશાળ સંખ્યામાં અધ્યાપકો તથા વિદ્યાર્થીઓની હાજરીમાં પુષ્પમાળા અર્પણ કરી હતી.

આ પ્રસંગે ડૉ. સી.એલ. પટેલે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે ડૉ. બાબા સાહેબના જીવનમાંથી પ્રેરણા લઈ આપણે પણ સમાજના ઓછા વિકસિત વર્ગના વિકાસ માટે સતત પ્રયત્ન કરવો જોઈએ. ઉચ્ચશિક્ષણ પ્રાપ્તિ દ્વારા જ સમાજના ઓછા વિકસિત વર્ગોનો વધુ વિકાસ કરી શકાય છે. શિક્ષણ પ્રાપ્તિ એ વિકાસનો રાજમાર્ગ છે.

આ પ્રસંગે બાળકો માટે રોગનિદાન અને વિનામૂલ્યે દવા વિતરણના કાર્યક્રમનું આયોજન ડૉ. બાબા સાહેબ આંબેડકર ચેર દ્વારા કરવામાં આવ્યું હતું. કુલપતિ શ્રી ડૉ. બી. જી. પટેલે અધ્યક્ષ સ્થાન શોભાવ્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે સૌએ બાબા સાહેબના જીવનમાંથી પ્રેરણા લઈ પોતાની શક્તિ સમાજના વિકાસ માટે અર્પણ કરવી જોઈએ.

આ પ્રસંગે **યુનિવર્સિટી હેલ્થ સેન્ટર**ના ડૉ. રમેશભાઈ મેઘાએ બાળકોને તપાસી રોગનિદાન કરી જરૂરિયાતવાળા બાળકોને દવાઓનું વિતરણ કર્યું હતું.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં માનવ અધિકાર વિશે વક્તવ્ય યોજાયું હતું. કાર્યક્રમનું સંચાલન જાનકી પારેખ અને પ્રીતિ કાછિયાએ કર્યું હતું.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**, આણંદમાં તા. ૧૩-૧-૦૯ના રોજ યુવા સપ્તાહ અને સ્વર્ણિમ ગુજરાત ઉજવણીના ભાગરૂપે મેથ્સ-સાયન્સ ક્વીઝ સ્પર્ધાનો કાર્યક્રમ યોજાયો.

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને કોમલબેન દલવાડી, મુખ્ય મહેમાન તરીકે શ્રી બી.સી. ગાંધી અને અતિથિ વિશેષ તરીકે શ્રી આર. એસ. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં ક્વીઝ સ્પર્ધામાં ૧૨ તાલીમાર્થીઓ એ ભાગ લીધો હતો. જેમાં ૬ રાઉન્ડ રાખવામાં આવ્યા. આ સ્પર્ધામાં ચાર ગ્રુપ રાખવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં વિજેતા ટીમ 'એડીશન' ગ્રુપ બન્યુ હતું. જેમાં જોલીબેન, કિંજલ અને રામેશ્વરીબેન સામેલ હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જાનકી અને સ્નેહા એ કર્યું હતું.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત, આણંદની **સી.પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ**ના રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે કાર્યકારી આચાર્ય ડૉ. ડી.યુ.પટેલના માર્ગદર્શન હેઠળ આતંકવાદ અને ધર્મ વિષય પર સરદાર પટેલ યુનિવર્સિટી સંચાલિત વાણિજ્ય, વિજ્ઞાન અને વિનયન કોલેજની નિબંધ સ્પર્ધા યોજવામાં આવી. જેમાં પ્રથમ ક્રમે વૈશાલી ભટ્ટ (બી.જે.વી.એમ.), દ્વિતીય ક્રમે આગાલ કમલ અને તૃતીય ક્રમે નંદિતા મુસ્તાફી (આણંદ ઈન્સ્ટીટ્યુટ ઓફ બિઝનેસ સ્ટડીઝ) વિજેતા ઘોષિત થયા હતા.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન** દ્વારા સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન તમામ બી.એડ. કોલેજોના પ્રશિક્ષાર્થીઓ માટે ડૉ. સી.બી. પટિયાલ શ્રેષ્ઠ પાઠ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. નિર્ણાયકો તરીકે ડૉ. જીતેન્દ્રભાઈ પટેલ, ડૉ. રમીલાબેન સાલવી, ડૉ. પ્રતીક્ષાબેન પટેલ, પ્રા. કિરીટભાઈ ચૌહાણ, ડૉ. એન.એસ. મિસ્ત્રી, પ્રા. કમલનયન પરમાર, શ્રી અતુલભાઈ પટેલ તથા પ્રા. નયનાબેન શુકલે સેવા બજાવી હતી.

એમ.એન. કે. દલાલ બી.એડ. કોલેજ, અમદાવાદથી પધારેલ ડૉ. રમીલાબેન સાલવીએ શ્રેષ્ઠ પાઠ સ્પર્ધા વિશે પોતાના મંતવ્ય રજુ કર્યા હતાં. અનડા બી.એડ. કોલેજ, બોરસદના પ્રા. કમલનયન પરમાર તથા ડૉ. એન.એસ. મિસ્ત્રીએ પ્રશિક્ષણાર્થીઓ સાથે વધુ સારા પાઠ કેમ આપી શકાય તેની ચર્ચા કરી હતી. આણંદ એજ્યુકેશનના ટીનુબેન જાની તથા વે-મેઈડ કોલેજના કીર્તિબેન પોતાના અભિપ્રાયો વ્યક્ત કર્યા હતાં.

શ્રેષ્ઠ પાઠ સ્પર્ધામાં પ્રથમ ક્રમે એચ.એમ. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઇંગ્લીશના કુલદીપ ભટ્ટ વિજેતા જાહેર થયાં હતાં. દ્વિતીય ક્રમે એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનના રાહુલ નિકમ અને તૃતીય ક્રમે વે-મેઈડ કોલેજના રત્ના ત્રિવેદી વિજેતા જાહેર થયા હતાં. ડૉ. સી. બી. પટિયાલ શ્રેષ્ઠ પાઠ સ્પર્ધામાં રનીંગ શિલ્ડ એચ. એમ. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઇંગ્લીશની ટીમના ફાળે ગયો હતો.

➢ **શ્રી જે. એમ. પટેલ આર્ટ્સ કોલેજ**, આણંદના ગુજરાતી વિભાગ દ્વારા 'વસંતોત્સવ'નો કાર્યક્રમ શ્રી જે. એમ. પટેલ પી. જી. સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઈન હ્યુમિનિટિઝના કો.ઓર્ડિનેટર ડૉ. કે. આર. દવેના અધ્યક્ષસ્થાને તથા આચાર્યશ્રી વિપુલભાઈ શ્રીમાળીના સાનિધ્યમાં યોજાઈ ગયો. વસંતના આગમનને વધાવતાં તૃતીય વર્ષ ગુજરાતી વિષયના વિદ્યાર્થીઓ સાજિદ પઠાણ, પરમેશ્વર સંગાડા, અર્પિતા મેકવાન, કિંજલ પટેલ, પંકજ મકવાણા, દીપેન પટેલ, દીપક સોલંકી વગેરેએ વસંતકાવ્યોનું પઠન કર્યું હતું. ફૂલ-પુષ્પોથી વર્ગ-સુશોભન કરીને વાતાવરણને વસંતમય બનાવ્યું હતું. વિભાગાધ્યક્ષ પ્રા. રાજેન્દ્રસિંહ ગોહિલે પ્રસંગોચિત વસંતના વૈભવને સાહિત્યિક સંદર્ભો દ્વારા તાદ્દશ કર્યો હતો. ડૉ. કે. આર. દવેએ કાલિદાસ અને અન્ય સંસ્કૃત સાહિત્યના સંદર્ભો દ્વારા વસંતના ઉત્સવનો મહિમા રજૂ કર્યો હતો. પ્રા. સુધા રાઠવાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને પ્રા. રૂપલબેન ભટ્ટે આભારવિધિ કરી હતી.

➢ આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટી સંચાલિત **શ્રી જે. એમ. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ સોશ્યલ વર્ક**ના સ્નાતક-અનુસ્નાતક વિભાગના ઉપક્રમે તાજેતરમાં પણસોરા (જિ. ખેડા) મુકામે દસ-દિવસીય રૂરલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેરા સોશ્યલ સર્વિસ સોસાયટીના ડાયરેક્ટર શ્રી ફા. જોસેફ આપ્પાઉના સાથ સહકારથી યોજયેલ આ બહુહેતુક કેમ્પમાં પણસોરા, અરડી, ઝાલાબોરડી અને ગોરા વગેરે ગામોમાં સ્ત્રી શિક્ષણ, વ્યસનમુક્તિ, દહેજનાબૂદી, અસ્પૃશ્યતાનિવારણ, ભ્રષ્ટાચાર નાબૂદી, વૃક્ષારોપણ, મેડિકલ ચેક-અપ, વિનામૂલ્યે દવા-વિતરણ, માનવ-અધિકારો, આસમાની-સુલતાની આપત્તિઓમાં રક્ષણ વગેરે બાબતોનું શેરી નાટક તથા સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા માર્ગદર્શન પૂરુ પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ હેઠળ વિવિધ વર્કશોપ, સેમિનાર, વક્તવ્યો તથા સામાજિક-આર્થિક સર્વેક્ષણનું પણ આયોજન કરાયું હતું.

➢ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ** દ્વારા અને એલિકોન ગ્રુપ ઓફ કંપનીઝના સહયોગથી કોલેજ દ્વારા સળંગ ૧૧માં વર્ષે એલિકોન બેસ્ટ બિઝનેસ આઈડિયા સ્પર્ધા યોજવામાં આવી હતી.

કાર્યક્રમના અતિથિ વિશેષ તરીકે એલિકોન આફ્રિકા પ્રા. લિ. ના સી.ઈ.ઓ.-ગ્રીમ રેમ્સે ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે પ્રો. બિપીન શાહ, ઈ.ડી.આઈ.આઈ., અમદાવાદ; ડૉ. ટી. પ્રસાદ, નીટી, મુંબઈ; શ્રી આર.એમ. કાપડીયા, ભૂતપૂર્વ ડાયરેક્ટર-ફાઈનાન્સ એલેમ્બિક કં. લિ, વડોદરા તથા શ્રી એ. જે. ભટ્ટ -જનરલ મેનેજર, સ્ટર્લિંગ બાયોટેક લિમીટેડ, વડોદરાએ પોતાની સેવાઓ આપી હતી.

આ સ્પર્ધામાં કુલ ૧૫ પ્રોજેક્ટ રજૂ કરવામાં આવ્યા હતા. બધા પ્રોજેક્ટ મળી આશરે ૧૫૦ કરોડના રોકાણની ચર્ચા કરવામાં આવી હતી. ચાલુ વર્ષે આ સ્પર્ધામાં જીસેટ કોલેજ તથા એડીઆઈટી કોલેજમાંથી એક એક ટીમે પણ ભાગ લીધો હતો. નોંધનીય પ્રોજેક્ટ ફન્ડરલેન્ડ, ચોકોલિસીયસ, આઈકનેક્ટ, ડેલીક્સો પ્લાટો એગ્રો પ્લાન્ટ વિગેરે રજૂ કરવામાં આવ્યા હતા. ભાવિક પટેલ એન્ડ ગ્રુપની ફન્ડરલેન્ડ, કુનાલ ભાટીયા એન્ડ ગ્રુપની આઈ કનેક્ટ, જુહી શુકલા એન્ડ ગૃપની મલ્ચીંગ અને ધ્વની સ્વાદીયા એન્ડ ગૃપની સોલાડીયોઝને બેસ્ટ બીઝનેસ આઈડીયાનો એવોર્ડ આપવામાં આવ્યા હતા.

➢ એમ. એસ. યુનિવર્સિટી, વડોદરાએ બીબીએ વિદ્યાર્થી જૂથ દ્વારા જાન્યુઆરી ૨૦૦૯માં **બીબીએ બીઝનેસ બાઝીગરની સ્પર્ધા**નું રાજ્ય કક્ષાએ આયોજન કર્યું હતું. ગુજરાતભરમાંથી ૧૦૪ ટીમો રજીસ્ટર થઈ હતી તેમાંથી ૮ ટીમો વિદ્યાનગર સ્થિત ચારુતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ**ની હતી.

તા. ૨ જી જાન્યુઆરીના રોજ દરેક ટીમનું પ્રેઝન્ટેશન રાખવામાં આવ્યું હતુ. ૩જી જાન્યુઆરી એ દરેક ટીમને ૧૦૦ રુપિયા આપ્યા હતા. તેમાંથી સેમકોમની પ્રિઝમ ટીમે રુપિયા ૧૮૩૫૦નો સૌથી વધારે બીઝનેસ કર્યો

હતો અને આના આધારે ૧૦૪ ટીમમાંથી ૨૦ ટીમો પસંદગી થઈ, જેમાંથી ૪ ટીમો સેમકોમની હતી.

૬ જાન્યુઆરીના રોજ એસોસિએશને દરેક ટીમને ૫૦૦૦ રુપિયા આપ્યા, પાંચ દિવસમાં પ્રિઝમે વેબસાઈટ મેનેજમેન્ટ, આર્ટ મેનેજમેન્ટ અને ફૂડ મેનેજમેન્ટનો બિઝનેસ કર્યો જેમાંથી ૧૦મી તારીખે પ્રિઝમ ટીમનો કુલ નફો રૂા. ૧૧૦૬૭૦ થયો હતો. સેમકોમની સ્પેક્ટ્રમ ટીમે ફૂડ મેનેજમેન્ટ અને ક્રિકેટ ટુર્નામેન્ટ સાધનોનો બીઝનેસ કર્યો હતો અને તેઓનો કુલ નફો રૂા. ૫૪૦૦૦ થયો હતો.

આના આધારે ૧૧મી જાન્યુઆરીએ બિઝનેસ ક્વીઝ ગોઠવી હતી. તા. ૧૩મીએ એડમેડ રાઉન્ડ ગોઠવાયો હતો. એમાં જે ટીમે જે તે પ્રોડક્ટ્સ વેચી હોય એનુ વિજ્ઞાપન બનાવવાની હરિફાઈ ગોઠવાઈ હતી, આ રાઉન્ડમાં નફો અને બિઝનેસ ક્વીઝના આધારે ૬ ટીમોની પસંદગી કરાઈ અને છેલ્લે ગ્રુપ ડીસ્કશનના આધારે ત્રણ ટીમને વિજેતા ટીમ તરીકેની પસંદગી કરાઈ, જેમાંથી સેમકોમની પ્રિઝમ પ્રથમ સ્થાને રહી અને સેમકોમની સ્પેક્ટ્રમ બીજા સ્થાને અને એમ.એસ. યુનિવર્સિટીની બી.કોમની ટીમને તૃતીય સ્થાને વિજેતા ઘોષિત કરાયા હતા.

પ્રિઝમ ટીમને રૂા. ૧૧૦૦૦ અને સ્પેક્ટ્રમ ટીમને રૂા. ૫૦૦૦નું રોકડ પુરસ્કાર મળ્યું હતુ અને સાથે પ્રિઝમ ટીમને ઓવરઓલ વિનર, બેસ્ટ એડ એવોર્ડ અને ઓડીઅન્સ ફેવરેટ ટીમના એવોર્ડસ પણ મળ્યા હતા.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં સ્વામી વિવેકાનંદની યાદમાં યુવા સપ્તાહ તથા સ્વર્ણિમ ગુજરાત ઉજવણી કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ ઉજવણી અંતર્ગત શ્રી રામકૃષ્ણ સેવા મંડળ શાખા તથા કોલેજના વિદ્યાર્થીઓ માટે સ્વ. સવિતાબેન ગોરધનભાઈ પટેલ અને શાંતાબેન પટેલના સ્મરણાર્થે વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**, આણંદમાં તાજેતરમાં યુવા સપ્તાહ અને સ્વર્ણિમ ગુજરાત ઉજવણી કાર્યક્રમના ભાગરૂપે રંગોળી, મહેંદી અને પુસ્તક સમીક્ષા કાર્યક્રમ યોજવામાં આવ્યો.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં સ્વામી વિવેકાનંદની યાદમાં યુવા સપ્તાહ તથા સ્વર્ણિમ ગુજરાત ઉજવણી કાર્યક્રમ સંદર્ભે સ્વ. ચંચળબેન ડાહ્યાભાઈ પટેલ સ્મૃતિમાં આંતર બી.એડ. કોલેજ માટે 'સ્ત્રીની વ્યાવસાયિક કારકીર્દિમાં કુટુંબ અવરોધ રૂપ છે ?' વિષય પર વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી. સહઅભ્યાસ પ્રવૃત્તિના કન્વીનર ડૉ. ડી. આર. પરમારે વિવિધ શૈક્ષણિક સ્પર્ધાઓનાં ઈનામ જાહેર કર્યા હતા. સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન બી.એડ. કોલેજના ૧૨ તાલીમાર્થી બહેનોએ વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં સ્વામી વિવેકાનંદની યાદમાં યુવા સપ્તાહ તથા સ્વર્ણિમ ગુજરાત ઉજવણી કાર્યક્રમ યોજવામાં આવ્યો. કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને સરોજબેન ઠાકોર, મુખ્ય મહેમાન તરીકે ડૉ. આર.પી. પટેલ, અતિથિ વિશેષ તરીકે શ્રી આદમ ટંકારવી અને શ્રી અશોકપુરી ગોસ્વામી ઉપસ્થિત રહ્યા.

સ્વામી વિવેકાનંદના જન્મદિન નિમિત્તે તાલીમાર્થી રેશ્માબેન દ્વારા જીવનચરિત્ર રજૂ કરાયું તેમજ રોશનીબેન શાહે પણ તેમના વિચારો રજૂ કર્યા હતા. સહ અભ્યાસ પ્રવૃત્તિના કન્વીનર ડૉ. ડી.આર. પરમારે ગઝલ વિશે થોડા વિચારો રજૂ કર્યા. મુખ્ય મહેમાન ડૉ. આર.પી.પટેલે ઉદાહરણ દ્વારા ગઝલ અંગેના વિચારો રજૂ કર્યા. શ્રી અશોકપુરી સાહેબે ગઝલના સ્વરૂપ વિશે ઉદાહરણ આપી સુંદર ચર્ચા કરી. શ્રી અદમ ટંકારવી સાહેબે થોડી સ્વયં રચિત ગઝલ દ્વારા રસપ્રદ ચર્ચા કરી હતી. આ ગઝલ સ્પર્ધામાં ૨૧ તાલીમાર્થી બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**, આણંદમાં તા. ૧૭-૧-૦૯ના રોજ યુવા સપ્તાહ તથા સ્વર્ણિમ ગુજરાત ઉજવણી કાર્યક્રમના ભાગરૂપે 'ઓન ધી સ્પોટ' કોમ્પીટીશન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમના મુખ્ય મહેમાન ડૉ. મહેશચંદ્ર કે. યાજ્ઞિક (પ્રોફેસર એન્ડ હેડ), અનુસ્નાતક શિક્ષણ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે જયકરભાઈ મેકવાન અને ભારતીબેન સુંદરવા ઉપસ્થિત રહ્યા હતા.

➢ આણંદ મર્કન્ટાઈલ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા સંચાલીત **આણંદ મર્કન્ટાઈલ કોલેજ**, આણંદમાં પોષ વદ સાતમના રોજ તિથિ પ્રમાણે સ્વામી વિવેકાનંદજીનાં ૧૪૬માં જન્મદિવસની ઉજવણી કરવામાં આવી.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**, આણંદમાં તાજેતરમાં ગાંધીજીના પુસ્તક પ્રદર્શનનું આયોજન ગ્રંથપાલ ડૉ. વૈશાલીબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તા. ૩-૨-૦૯ના રોજ સ્વર્ણિમ ગુજરાત-વૈશ્વિક ગુજરાત ઉત્કૃષ્ટતા અભિયાન અંતર્ગત ગાંધીજીના જીવન ઝરમર પર પ્રદર્શન યોજવામાં આવ્યું.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તાજેતરમાં મોક ઈન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૫ તાલીમાર્થીઓએ વિષયનુસાર ભાગ લીધો હતો. આ મોક ઈન્ટરવ્યૂમાં જુદા જુદા વિષય નિષ્ણાતો હાજર રહ્યા હતા. જેમાં શ્રી રમેશભાઈ પટેલે શિક્ષકની ગુણાંકન યોજના તથા તેમની નિમણૂંક અંગેની કાર્યવાહીથી વાકેફ કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિભા ખેરે કર્યું હતું.

➢ બોરીઆવી કેળવણી મંડળ સંચાલીત **સરદાર પટેલ કોમર્સ કોલેજ**, બોરીઆવીમાં સમુદાય સેવા દિનની ઉજવણી થઈ હતી. એમાં ગંદા વિસ્તાર, ઝુપડપટ્ટી વિસ્તાર, સરકારી દવાખાના વિગેરેની મુલાકાત લઈ સફાઈ-સમજૂતી-જાળવણી વિગેરેની સહજ સમજ આપી હતી, તેમજ નાના ભુલકાઓને ગરમ પાણીમાં સ્નાન કરાવીને 'સમુદાય સેવા દિન'ની ઉજવણી કરી હતી.

➢ આણંદ મર્કન્ટાઈલ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા સંચાલીત **આણંદ મર્કન્ટાઈલ કોલેજ**ના દસમાં એન્યુઅલ ડેની ઉજવણી તા. ૪-૨-૦૯ના રોજ કોલેજ કેમ્પસમાં કરવામાં આવી. આ પ્રસંગે સરદાર પટેલ યુનિવર્સિટીના વાઈસ-ચાન્સેલર ડૉ. બી. જી. પટેલ મુખ્ય અતિથિ પદે ઉપસ્થિત રહ્યા હતા.

➢ ચારુતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ**નો ૧૨મો વાર્ષિકોત્સવ તા. ૧૦ ફેબ્રુઆરી ૨૦૦૯ના રોજ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના અતિથિ વિશેષ તરીકે મુંબઈના વિખ્યાત મેનેજમેન્ટ કન્સલટન્ટ અને કોર્પોરેટ ટ્રેનર મીસ જયશ્રી પટવર્ધને હાજરી આપી હતી અને પ્રમુખ તરીકે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

➢ બોરીઆવી કેળવણી મંડળ સંચાલીત **સરદાર પટેલ કોમર્સ કોલેજ**, બોરીઆવીના પ્રથમ વર્ષ બીબીએના વિદ્યાર્થીઓએ સ્થાનિક ઔદ્યોગિક એકમની બે દિવસની મુલાકાત તાજેતરમાં લીધી હતી.

સ્થાનિક મુલાકાત અનુપમ ઈન્ડસ્ટ્રીઝ લિ., વિઠ્ઠલ ઉદ્યોગનગરની લીધી હતી. જેમાં સ્ટીલ મીલ ડ્યુટી ક્રેઈનની ઉત્પાદન પ્રક્રિયા, કોઈલ હેન્ડલીંગ, વીજા ટંન્ગ, ગ્રેલીંગ ટાઈપ લેડલ ક્રેઈન વિગેરે જ્યારે મટીરીયલ હેન્ડલીંગમાં ચાર્જીંગ ક્રેઈન, સ્ક્રેપ હેન્ડલીગ ક્રેઈન વિગેરેનો તલસ્પર્શી અભ્યાસ એચ.આર. મેનેજર-મેજર ગુલઝારસિંગ, યુનિટ મેનેજર રાજેશ કોટડીયા અને પરાગભાઈ જોષીએ મુલાકાતીઓને બે દિવસ કરાવ્યો હતો.

આ ઉપરાંત કોલેજના વિદ્યાર્થીઓએ થર્મલ પાવર પ્લાન્ટ, હાઈડ્રો પાવર પ્લાન્ટ, ન્યુકલીઅર પ્લાન્ટમાં તેના ઉપયોગો, ૨૫૦૦ થી વધારે થયેલા ઈન્સ્યુલેશનની માહિતી તેમજ વિઠ્ઠલ ઉદ્યોગનગરમાં તેના પાંચ યુનિટો, દેશમાં પથરાયેલા ન્યુ દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ, બેંગ્લોર તથા કલકત્તાના બજારમાં તેની માંગ અને યુનિટની સફળતામાં કાર્યવંત કોર-ટીમનો ગુણવંતા સભર સેવા, ઉત્પાદન, માલસામાન હેરફેર, નાણા અને વ્યવસ્થા ડિગીઈન કરારમાં આંતરિક અને પારસ્પરિક સંચાલન કેવી રીતે કરે છે. તેની વિગતે સમજૂતિ મેજર ગુલઝારસિંગ પાસેથી મેળવી હતી.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આણંદની **સી.પી. પટેલ એન્ડ એફ.એચ.શાહ કોમર્સ કોલેજ**ના રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે એસીલ નવસર્જન રૂરલ ફાઉન્ડેશનના સહયોગથી 'યુવાદિવસ'ની ઉજવણીના ભાગરૂપે સ્વામી વિવેકાનંદ ઉપર વ્યાખ્યાન યોજવામાં આવ્યું તથા HIV/AIDS થવાના કારણો, તેની અસર, ઉપાય વગેરે પર શ્રી રાજુભાઈ વિરોલા અને શ્રી દિલીપભાઈ ગઢવીએ સમજ આપી આ સમયે એઈડ્ઝ ઉપર પ્રદર્શન યોજવામાં આવ્યું કાર્યક્રમનું સંચાલન પ્રા. ગોપાલભાઈ શાહે કર્યું.

એઈડ્ઝ ઉપર ક્વીઝ રાખવામાં આવી, જેમાં નિશા, નિશાબેન રાજ, ખુશ્બુ ભટ્ટ, મેક્વાન વિશીતા તથા પૂનમબેન વિજેતા બન્યા જેમને પુરસ્કૃત કરવામાં આવ્યા.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ ઈન્સ્ટીટ્યુટ ઓફ સોશ્યલ વર્ક** તથા આણંદ હોમિયોપેથિક હોસ્પિટલના ઉપક્રમે તાજેતરમાં આણંદ તાલુકાના હેમરાજપુરા તથા તારાપુર ગામના જરૂરિયાત મંદ વૃદ્ધજનો માટે આરોગ્ય તપાસણી કાર્યક્રમ યોજાયો.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ ઈન્સ્ટીટ્યુટ ઓફ સોશ્યલ વર્ક**ના બી.એસ. ડબલ્યુના વિદ્યાર્થીઓ દ્વારા તંદુરસ્ત બાળ સ્પર્ધાનું આયોજન કરાયું.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ ઈન્સ્ટીટ્યુટ ઓફ સોશ્યલ વર્ક**અંતર્ગત તા. ૧૭-૧-૦૯ના દિવસે રેડ રીબીન ક્લબ દ્વારા એફ.વાય. બી.એસ.ડબલ્યુ તથા એસ.વાય. બી.એસ.ડબલ્યુના વિદ્યાર્થીઓ માટે જી.એક્સ દ્વારા બનાવાયેલ ફિલ્મ બતાવવામાં આવી.

આ કાર્યક્રમમાં એચ.આઈ.વી. પોઝીટીવ લોકોના સંગઠન વિશે તથા એચ.આઈ.વી. પોઝીટીવ લોકોના જીવન વિશેની માહિતી તથા એઈડ્ઝની સામાજિક અસરો દર્શાવતી બે ફિલ્મો જેવી કે 'પોઝીટીવ' અને 'બ્લડ બ્રધર્સ' બતાવવામાં આવી.

➢ **Ms. Kalkal A. Trivedi**, a second semster student of Biotechnology - BRD School of Biosciences participated in a competition of "The Nobel Prize in 2008", held on 30th-31st January 2009 at the Physical Research Laboratory, Ahmedabad. Presentations on the Nobel Prize in the fields of Physics, Chemistry and Physiology / Medicine for the year 2008 were made by both school and post graduate students.

**Kalkal A. Trivedi won the First Prize** for her presentation on the 'Green Fluorescent Protein' - the discovery which won the Nobel Prize for Chemistry in 2008. She was invited back at PRL on the 28th February 2009 to attend the National Science Day celebrations and the Prize distribution ceremony.

➢ National Symposium on "Indigenous knowledge Home Science for Research and Development and Traditional knowledge show" organised by Depertment of Home Science, Sant Gadge Baba Amravati University, Amravati on 19th-20th February 2009.

**Dr. Bhanu Patel from S.M. Patel College of Home Science adjudged second in poster presentation** on "Revival of Traditional Mashru Textiles of Patan, Gujarat".

## Research Work

 યુ.જી.સી.ના મેજર/માઈનર રીસર્ચ પ્રોજેક્ટ પ્રાપ્ત થયાઃ

| ક્રમ | સંશોધક | અનુદાન (રૂ.) |
|---|---|---|
| (૧) | ડૉ. કે. એસ. લિખીયા<br>અનુસ્નાતક શિક્ષણશાસ્ત્ર વિભાગ | - ૪૪૯૨૦૦/- |
| (૨) | ડૉ. ઉર્મિલાબેન ઠાકર<br>અનુ. ગ્રંથાલય અને<br>માહિતી વિજ્ઞાન વિભાગ | - ૪૭૨૨૦૦/- |
| (૩) | ડૉ. આર. એચ. મકવાણા<br>અનુ. સમાજશાસ્ત્ર વિભાગ | - ૫૦૨૯૦૦/- |
| (૪) | ડૉ. પિયૂષ રાવલ<br>અનુ. અંગ્રેજી વિભાગ | - ૧૦૦૦૦૦/- |
| (૫) | ડૉ. એ.ટી. ઓઝા<br>અનુ. ભૌતિકશાસ્ત્ર વિભાગ | - ૪૨૯૩૦૦/- |
| (૬) | ડૉ. એ.વી.આર.એલ. નરસિંહાચાર્ય<br>બી.આર.ડી. સ્કૂલ ઓફ બાયોસાયન્સિસ | - ૪૪૬૮૦૦/- |
| (૭) | ડૉ. બી. વાય. ઠાકોર<br>અનુ. ભૌતિકશાસ્ત્ર વિભાગ | - ૭૦૭૮૦૦/- |
| (૮) | ડૉ. ઉર્મિલા એચ. પટેલ<br>અનુ. ભૌતિકશાસ્ત્ર વિભાગ | - ૯૨૭૩૦૦/- |
| (૯) | ડૉ. મંજરી આચાર્ય<br>અનુ. ગૃહવિજ્ઞાન વિભાગ | - ૬૪૮૩૦૦/- |

આપણા યુનિવર્સિટી પરિવારમાંથી **વયોચિત નિવૃત્તિ** પામનારા મહાનુભાવો

(૧) ડૉ. જયંતિલાલ દુર્ગાશંકર જોષી - પ્રોફેસર
અનુ. રસાયણશાસ્ત્ર વિભાગ (૪ જુલાઈ ૨૦૦૯ થી)

(૨) ડૉ. રજનીકાન્ત મુળજીભાઈ પટેલ - પ્રોફેસર
અનુ. રસાયણશાસ્ત્ર વિભાગ (૨૬ જુલાઈ ૨૦૦૯ થી)

**યુ.જી.સી. દ્વારા આપણા અનુસ્નાતક વિભાગોને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરવા માટે વધારાનું અનુદાન પ્રાપ્ત થયું.**

(૧) અનુસ્નાતક રસાયણશાસ્ત્ર વિભાગ - રૂા. ૩૦ લાખ
(૨) અનુસ્નાતક મટીરીયલ્સ સાયન્સ વિભાગ - રૂા. ૩૦ લાખ
(૩) અનુસ્નાતક ભૌતિકશાસ્ત્ર વિભાગ - રૂા. ૨૦ લાખ
(૪) અનુસ્નાતક ગણિતશાસ્ત્ર વિભાગ - રૂા. ૨૦ લાખ

અભિનંદન !

**અનુસ્નાતક વિભાગોના અધ્યક્ષોની પાંચવર્ષ માટે નિમણૂંક** કરવામાં આવી.

(૧) અનુસ્નાતક હિન્દી વિભાગ
- ડૉ. અરુણપ્રકાશ મિશ્રા - ૨ ફેબ્રુઆરી ૨૦૦૯ થી

(૨) અનુસ્નાતક રાજ્યશાસ્ત્ર વિભાગ
- ડૉ. મનોજ સોની - ૨ ફેબ્રુઆરી ૨૦૦૯ થી

(૩) અનુસ્નાતક મટીરીઅલ્સ સાયન્સ વિભાગ
- ડૉ. શ્રીમતી એસ. મનોચા - ૨ ફેબ્રુઆરી ૨૦૦૯ થી

(૪) અનુસ્નાતક રસાયણશાસ્ત્ર વિભાગ
- ડૉ.(કુ.) આર. જી. પટેલ - ૩ માર્ચ ૨૦૦૯ થી

(૫) અનુસ્નાતક સંસ્કૃત વિભાગ
- ડૉ. અજિત ઠાકોર (ઈન્ચાર્જ અધ્યક્ષ) - ૨ ફેબ્રુઆરી ૨૦૦૯ થી નવો હુકમ ન થાય ત્યાં સુધી

## Governance

**આણંદ કોલેજ ઓફ એજ્યુકેશને** યુ.જી.સી. NAAC એસેસમેન્ટ મેળવ્યું. યુ.જી.સી.ની પીઅર ટીમ દ્વારા ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓની કોલેજોના તાજેતરમાં થયેલ NAAC એસેસમેન્ટના આવેલ પરિણામમાં આણંદ કોલેજ ઓફ એજ્યુકેશને ૨.૪૫ પોઈન્ટ સાથે 'બી' ગ્રેડ મેળવ્યો છે. જે સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન સેલ્ફ ફાઈનાન્સ બી.એડ્. કોલેજોમાં સૌ પ્રથમ નેક એસેસમેન્ટ મેળવનાર કોલેજ બની છે.

**continued from page 12**

It follows that an Indian and integral system of education must give full play to all these parts of the being-the physical, the vital, the mental and the spiritual.

The aim of integral education will be to help the child to develop his physical, intellectual, aesthetic, emotional, moral, spiritual being and his communal life and impulses out of his own temperament and capacities.

Another point to note is that integral education will be based on the following:

***Every one has in him something divine, something his own, a chance of perfection and strength in however small a sphere, which God offers him to take or refuse. The task is to find it, develop and use it.***

This does not mean as it is sometimes felt that the career of the child will be neglected; on the contrary with the full development of all the parts of his being, he will be more successful in the career of his choice.

**Prof. Kittu Reddy**

## Workshop on 'Electron Microscopy - 2009'

BR Doshi School of Biosciences and Sophisticated Instrumentation Centre for Advanced Research and Testing (SICART) jointly conducted a National level workshop on Electron Microscopy from 19 to 24 January 2009. The inauguration session started with a welcome address to the dignitaries, guests and participants by Dr. L. M. Manocha, Head, Department of Materials Sciences and Course Coordinator of the workshop, then Dr. K. S. Rao, Course Director introduced the theme of the workshop. Dr. V. S. Patel, Director, SICART and Course Director of the organizing committee delivered the welcome speech to participants. The programme was then inaugurated by Dr. T. K. Das, Associate Professor, AIMS, New Delhi. The session continued with presidential address by the Vice-Chancellor, Sardar Patel University, Dr. B. G. Patel. Following the vote of thanks by Dr. J. S. S. Mohan, Organizing Secretary of the workshop, Dr. T. K. Das delivered the key note lecture on 'Recent advances in electron microscopy'. 23 delegates from different parts of the country participated in the workshop. All the delegates were actively participated in hand on training on sample processing for Transmission Electron Microscopy (SEM) and Scanning Electron Microscopy (SEM) studies guided by Dr. K. S. Rao, Dr. J. S. S. Mohan and Dr. Haresh Keharia which was carried out at B R Doshi School of Biosciences and electron microscopic observation was carried out at SICART. There were 14 lectures on various aspects of electron microscopy with special refrence to its wide applications in various research areas were delivered by specialists from different fields during the workshop. The main attraction of the workshop was, it became beneficial to researchers from various branches of biological and non biological research areas like Botany, Zoology, Microbiology, Materials Sciences, Physical Sciences etc. The session started with a welcome address by Dr. L. M. Manocha followed by presidential speech by Dr. C. L. Patel, Chairman, Charutar Vidya Mandal. The session continued with presentation on certificates to partidipants by Dr. Pushpa Viswanathan, Professor, Cancer Institute, Chennai. The workshop was concluded with valedictory function, which was held at SICART on 24th January 2009. The ceremony ended with vote of thanks by Dr. K. S. Rao, Head of the Department, B R Doshi School of Biosciences and Course Director of the Organizing Committee.

## IV GSA-VVN CSC 'Annual Science Meet - 2009'

BR Doshi School of Biosciences and C. C. Patel Community Science Certre, Sardar Patel University jointly organized the IV Gujarat Science Academy (GSA) - Vallabh Vidyanagar local chapter Annual Science Meet 'Sci-Meet: 2009' on 1 February 2009. 104 delegates from different areas of research were participated in the Science Meet. The inauguration session started with welcome address by Prof. K. S. Rao, Convener of the Science Meet and Head, BR Doshi School of Biosciences followed by a brief speech about GSA activities in the local chapter by Prof. A. R. Jani, Chairman, GSA-Vallabh Vidyanagar. Then the inaugural address was delivered by Dr. H. C. Trivedi, Vice-Chancellor, Bhavnagar University. The session continued with the plenary lecture on 'Prevention and early detection of cancer' by Dr. G. M. Mannari, Consultant Surgeon and Endoscopist, Parimal Nursing Home, Anand. Following the lecture, the presidential speech was delivered by Dr. B. G. Patel, Vice-Chancellor, Sardar Patel University. The inaugural ceremony concluded with a vote of thanks by Prof. K. N. Joshipura, Director, CSC and Co-convener of the Science Meet. Following

inaugural session, the plenary session started-in which three lectures were delivered on Nobel Prize, 2008 in three research areas i.e., Physics, Chemistry and Physiology and Medicine by Dr. P. C. Vinodkumar, Dr. Ujjval B. Trivedi and Dr. Haresh Keharia respectively. Following the lunch break the parallel sessions started-in which delegates from research areas Physical, Chemical, Biological and Mathematical Sciences presented their research findings. Prof. L. M. Manocha, Head, Department of Materials Sciences chaired concluding session. Prof. K. N. Joshipura, Dr. Vasavada, Dr. Upadhyay, Prof. K. C. Patel and Dr. R. B. Subramanian presented their reports and remarks about the presentations of parallel sessions followed by reports from GSA fellows. The session concluded with Chairman's remarks by Prof. L. M. Manocha, who announced the 'Science Meet : 2009' as success and the venue of the nest Science Meet will be organized by Department of Materials Sciences, Sardar Patel University.

## B R Doshi School of Biosciences Organized National Conference on 'FRONTIERS IN BIOLOGICAL SCIENCES' : 27-28 February 2009

The National conference on Frontiers in Biological Sciences was a step towards widening the horizons of academia and research to the students. Total of 350 delegates participated from all over the Nation. This National Conference was organized under auspices of UGC-DSA programme. The main objective of the conference was to provide platform for exploring recent developments as well as to foster interactions among researchers working in the area of biological sciences.

Conference started with inaugural function Presided by Dr. B. G. Patel, Honorable Vice-Chancellor, Sardar Patel University and Professor T. P. Singh, distinguished biotechnologist; AIIMS, New Delhi, was the chief guest. The call of recent advances in developing frontieers in Biological Sciences was given by Dr. B. G. Patel, Honorable Vice-Chancellor, Sardar Patel University. He also gave glimpse on need of development of newer technologies for coming ahead in the world biotechnology market. Professor T. P. Singh then delivered the key note address on high-throughput protein structure determination and structure-based ligand design: future of new drug discovery, wherein he gave knowledge about designing new lead compound as well as improvement of existing lead compound.

In the other follow ups of conference, other eminent scientists viz., Prof. S. K. Apte, BARC, Muimbai; Prof. B. J. Rao, TIFR, Mumbai; Dr. (Mrs.) P. Khurana, JNU, New Delhi; Dr. Kishore Paknikar, ARI, Pune; Dr. Suman Khowala, IICT, Kolkatta; Dr. Hemant Purohit, NEERI, Nagpur; Dr. Rajani, IIAR, Gandhinagar and Prof. Haridas, P. S. Medical College, Karamsad shared their research contributions. The conference also comprised of contribution from delegates in the form of oral presentations which were arranged in five parallel sessions considering the research interests of all participants. Around 70 delegates delivered their research work in form of oral presentations.

The two day national conference came to end with valedictory function in presence of S. L. Govindwar, Advisor, Department of Biotechnology, New Delhi. He motivated all the participants for expanding the scope of research and development by identifying best technologies for remediation of contaminated industrial waste, biofuel generation and development of newer and leading vaccines. He then also awarded prizes to participants who presented their work in the form of oral presentations.

This conference was successful due to the efforts of Prof. K. S. Rao, President; Prof. Datta Madamwar, Co-Ordinator; Dr. Haresh Keharia, Organizing Secretary and entire Organizing Committee.

**NAAC Peer Team visited Sardar Patel University during 19 to 21 February 2009.**
**The detailed schedule of NAAC visit is mentioned below:**

## Visit Schedule

**Day 0** **Wednesday, 18 February 2009**

Arrival of the Peer Team Members

17:30 to 20:30 hrs. Team Discussion – I (Private) at the Place of Stay in Hotel La Casa Inn.

**Day 1** **Thursday, 19 February 2009**

**Session 1** 9:30 – 10:30 hrs.
Meeting with the Vice-Chancellor Dr B G Patel and members of the Steering Committee.
Venue: Syndicate Hall, University Office

**Session 2** 10:30 – 13:00 hrs.
Visits to PG Departments by Team A and Team B

| Team A | Team B |
|---|---|
| 1 Prof. S S Katiyar (Chairman) | 1 Prof. P K Biswasroy |
| 2 Prof. D K Maheshwari | 2 Prof. Thara Bhai L |
| 3 Dr. M S Shyamasundar | 3 Prof. Gulshan Rai Kataria |

| Team A | | Team B | |
|---|---|---|---|
| Chemistry | 10:30 – 11:30 | Political Science | 10:30 – 11:00 |
| Materials Sc. | 11:30 – 12:10 | English | 11:00 – 11:30 |
| Physics | 12:10 – 13:00 | Gujarati | 11:30 – 12:00 |
| | | Sanskrit | 12:00 – 12:30 |
| | | Hindi | 12:30 – 13:00 |

**Session 3** **13:00 – 14:00 hrs.**
**Luncheon Meeting with the Syndicate Members, Steering Committee Members - At University Guest House**

**Session 4** 14:00 – 16:00 hrs.
Visits to PG Departments by Team A and Team B

| Team A | | Team B | |
|---|---|---|---|
| Mathematics | 14:00 – 14:40 | Sociology | 14:30 – 14:55 |
| Statistics | 14:40 – 15:20 | Psychology | 14:55 – 15:20 |
| Home Science | 15:20 – 16:00 | History | 15:20 – 15:40 |
| | | Media Studies | 15:40 – 16:00 |

**Session 5** 16:00 – 16:30 hrs.
Interaction with the Students in the M P Patel Auditorium of University.

| | |
|---|---|
| **Session 6** | 16:30 – 17:00 hrs.<br>Interaction with the Parents and Alumni in the M P Patel Auditorium of University. |
| **Session 7** | 17:00 – 17:45 hrs.<br>Cultural Programme by students in the M P Patel Auditorium of University. |
| 19:30 – 20:30 hrs. | Team Discussion – II (Private) at the Place of Stay in Hotel La Casa Inn. |
| **20:30 hrs.** | **Dinner at Hotel** |
| **Day 2** | **Friday, 20 February 2009** |
| **Session 8** | 9:30 – 13:00 hrs.<br>Visit to remaining PG Departments by Team A and Team B. |

| Team A | | Team B | |
|---|---|---|---|
| Comp. Science | 09:30 – 10:10 | Business Admn. | 09:30 – 10:15 |
| Bio-sciences | 10:10 – 11:10 | Economics | 10:30 – 11:00 |
| Electronics | 11:10 – 11:50 | Business Studies | 11:10 – 11:40 |
| Library Science | 11:50 – 12:30 | Social Work | 11:50 – 12:20 |
| USIC | 12:30 – 13:00 | Education | 12:30 – 13:00 |

| | |
|---|---|
| **13:00 – 14:00 hrs.** | **Lunch – At Vice-Chancellor's Bungalow**<br>**Peer Team Committee Members & Steering Committee Members** |
| **Session 9** | 14:00 – 16:30 hrs.<br>Visit to University Library, University Press, Canteen, Post Office, Bank, Computer Centre, Health Centre, Museum, Community Science Centre, Radio Station, Sports Facility, Various Units of University Office, Hostels, Staff Colony, Central School, Co-operative Store, Recognized Associations etc. |
| **Session 10** | 16:30 – 17:00 hrs.<br>Meeting with the Heads of Affiliated / Recognized Institutions.<br>Full-fledged Principals – At Senate Hall |
| **Session 11** | 17:00 – 17:30 hrs.<br>Checking and Validation of Documentary evidences. |
| 20:00 – 21:00 hrs. | Team Discussion – III (Private) at the Place of Stay in Hotel La Casa Inn. |
| **21:00 hrs.** | **Dinner** |

**Day 3 Saturday, 21 February 2009**

| | |
|---|---|
| **Session 12** | 9:00 – 12:00 hrs.<br>Report writing at the Place of Stay in Hotel La Casa Inn |
| 12:00 – 13:00 hrs. | Team Discussion – IV (Private) at the Place of Stay in Hotel La Casa Inn |
| **13:00 – 14:00 hrs.** | **Lunch - Hotel** |
| **Session 13** | 14:00 – 14:30 hrs.<br>Sharing the report with the Vice-Chancellor. |
| **Session 14** | 14:30 – 15:00 hrs.<br>Finalizing the report after receiving the feedback from the Vice-Chancellor.<br><br>Vice-Chancellor & Steering Committee Members |
| **Session 15** | 15:00 hrs. onwards<br>Exit Meeting in the M P Patel Auditorium of the University.<br><br>**Welcome by the Vice-Chancellor**<br>**Thanks by the Registrar** |



## A Note on Integral Education

Any system of education, whether it is national or regional, has first to decide on the goals, the aim and purpose of education. It is indispensable to have an absolute clarity on this level for all that follows will depend on this first foundaton.

It will be therefore proper to first decide on the goals and the aim of education from the perspective of Integral Education.

There are three things, which have to be taken into account in a true and living education: first, man as an individual in his commonness with others as well as his uniqueness; second, the Indian nation and lastly universal humanity. It follows that – that alone will be a true education, which will help to bring out to full advantage, the full potential of the individual; enable him to enter into right relation with the Indian spirit and finally to humanity.

We must first get a clear understanding of the Indian concept of man, for this will determine our concepts of education. The Indian mind has never regarded man as pre-eminently a body, which has been animated with a life and equipped with a mind. Rather India has always seen man as a soul, a portion of the Divine enwarpped in mind and body. She has no doubt distinguished in him a mental, an intellectual, and an ethical, dynamic and practical, an aesthetic and hedonistic, a vital and physical being; but all these things have been seen as powers of the soul. In other words, man has been seen in the Indian concept as a soul, which has mind, life and body.

**continued on page 6**

## Subscribe Today

| **Annual** | | **Life** |
|---|---|---|
| Students | : Rs.10.00 | Faculty & Staff : Rs.200.00 |
| Others | : Rs.15.00 | Institutions & Individuals : |
| Institutions | : Rs.100.00 | Rs.500.00 |

**Lifetime Subscription in Foreign Exchange:**

US $ 100.00 € 75.00 £ 75.00

**Contact:** Publication Division, Bhaikaka Library Vallabh Vidyanagar 388 120

## Contribute Today

*Sheel Shrutam* welcomes readers' contributions in the form of news, views, ideas and information for publication. **Please send your contributions before 1st week of every month to Param Pathak, Department of Gujarati, Sardar Patel University, Vallabh Vidyanagar 388 120. Email: sheelshrutam@gmail.com**

Registered with the Registrar of Newspaper for India. Under No. G/AND-73 (B) Superscription PERIODICALS (S)

O. I. G. S. Book Post (Printed Matter)

If undelivered please return to :

The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar – 388 120, Gujarat, India

*Sheel Shrutam* : A Monthly Newsletter of Sardar Patel University, for Private Circulation.
Published by Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar, 388 120
**Computerised Type set / Designed and Printed at University Press, Vallabh Vidyanagar**
Views expressed in this Newsletter do not necessarily reflect the official policy of the University.